	મહત્તમ	લઘુત્તમ
હવામાન અમદાવાદ	૩૬.૦° સે.	૨૪.૦° સે.
ગાંધીનગર	૩૫.૦° સે.	૨૩.૦° સે.
ભાવનગર	૩૫.૦° સે.	૨૭.૦° સે.
રાજકોટ	૩૫.૦° સે.	૨૫.૦° સે.

ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

અમદાવાદ | બનાસકાંઠા | સાબરકાંઠા | અરાવલી | મહેસાણા | પાટણ | ભાવનગર | જૂનાગઢ | પોરબંદર | રાજકોટ | દ્વારકા | સુરેન્દ્રનગર

શુક્રવાર ૧૮ ઑક્ટોબર, ૨૦૨૪

મોટા શહેરોના પોશ એરિયા, સ્માર્ટ સિટી, SEZ સહિતના વિસ્તારોમાં જંત્રીના દરો વધવાનાં એંધાણ

અગાઉના દરોના વિરોધ બાદ રાજ્ય સરકારે વૈજ્ઞાનિક ઢબે નવેસરથી સરવે કરાવી રિપોર્ટ મુખ્યમંત્રીને સુપરત કર્યો: નવા જંત્રી દરની જાહેરાત ગમે તે ઘડીએ થઈ શકે

ગાંધીનગર: અગાઉ રાજ્ય સરકારે જાહેર કરેલા જંત્રીના દરોનો વિરોધ થયો હતો, જેના પગલે રાજ્ય સરકારે વૈજ્ઞાનિક ઢબે નવેસરથી સર્વે કરીને તૈયાર કરાયેલા જંત્રીના દરો જાહેર કરવા માટે કવાયત હાથ ધરી હતી. હવે મહેસૂલ વિભાગે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ હાથ ધર્યા બાદ નવા જંત્રી દરો નિર્ધારીત કરી લીધા છે. આ નવા જંત્રી દરોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પેટલની મંજૂરી માટે પણ મોકલવામાં આવ્યા છે, ત્યારબાદ નવા જંત્રીના દરો જાહેર કરાશે.

નવા જંત્રી દર વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર થવાના કારણે રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં જંત્રી દરોમાં ઘટાડો થઈ શકે, જ્યારે કેટલાક વિસ્તારોમાં જંત્રી દરો વધી શકે છે.

મહાનગરોના પોશ વિસ્તારો, મહાનગરની આસપાસના અર્બન ઓથોરિટીમાં સમાવિષ્ટ વિકસિત વિસ્તાર, મોટી નગરપાલિકાઓમાં ભવિષ્યમાં રીઅલ્ટી ક્ષેત્રે મોટું રોકાણ આવી શકે, નવી જાહેર થનારી મહાનગરપાલિકાઓ ઈન્ડસ્ટ્રીયલ ઝોન, સ્માર્ટસિટી, સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં જંત્રીના દરો વધી શકે છે.

મહાનગરના જૂના શહેરી વિસ્તારો જ્યાં વિકાસની તક નથી અથવા મર્યાદિત છે, દરિયાકાંઠાની ખારાશવાળી જમીન કે નજીકના ભવિષ્યમાં વિકાસ શક્ય નથી, મીઠાના અગરો ધરાવતી જમીન અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમા જંત્રીના દરો ઘટી શકે છે.

સરકારે શહેરોમાં જે વિસ્તારોને એફોર્ડેબલ હાઉસિંગ ઝોન તરીકે નક્કી ક્યાં છે તે વિસ્તારો ઉપરાંત ખેતીવાડી સહ- વિસ્તારો માટે જંત્રીના દરો ગયા વર્ષ ફેબ્રુઆરીમાં નિયત થયા હતા, તે પ્રમાણે જ રહેશે એવું મનાય છે. આ ઉપરાંત જ્યાં બજાર ભાવ અને જંત્રીદરો વચ્ચેનો તફાવત મોટો નથી, ત્યાં પણ કોઈ બદલાવ નહીં આવે તેવું સૂત્રોએ કહ્યું હતું.

મુંદ્રા પોર્ટ પરથી 8 કરોડની કિંમતના 100 ટન દાણચોરીના કાજુ ઝડપાયા

ગાંધીનગર: કચ્છના મુંદ્રા પોર્ટ પર રેવન્યૂ ઈન્ટેલીજન્સની ટીમ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરીને લાકડાના ભુસાની આડમાં લવાયેલા 8 કરોડના દાણચોરીના કાજુ જપ્ત કરી લેવાયા છે. દિવાળીના તહેવારો નજીક છે ત્યારે કાજુની દાણચોરી બહાર આવી છે. બરોડા, નવસારીના આયાતકારોએ લાકડાના ભુસાની વચ્ચે કાજુ છુપાવ્યા હતા. ડીઆરઆઈએ કુલ 100 મેટ્રિક ટન કાજુનો જથ્થો જપ્ત કર્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.રેવન્યુ ઈન્ટેલીજન્સ (ડીઆરઆઈ)ની ગાંધીધામ ટીમે મળેલી બાતમીના આધારે વિયેતનામથી આવેલા 7 જેટલા કન્ટેનરને મુન્દ્રા પોર્ટ પર રોકીને તેની ચકાસણી કરી હતી.

ધારી મામલતદારે અલગ અલગ ટીમો બનાવી પાંચ ગામોમાં દરોડા પાડ્યા

રેતી ચોરી કરતા ટ્રેક્ટર-ડમ્પર સહિત 60 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ : અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ચોરીની પ્રવૃતિઓ અટકાવવા માટે જિલ્લા કલેક્ટર અજય દહીયાના માર્ગદર્શન હેઠળ ધારી મામલતદાર અક્ષર વ્યાસની અલગ અલગ ટીમો જેમાં સર્કલ ઓફિસર, તલાટી,રેવન્યુ તલાટી ક્લાર્ક સહિત ટીમો દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી રેતીના પટ વિસ્તારમાં દરોડા પાડતા નાસભાગ મચી હતી. મામલતદારની ટીમો દ્વારા ટ્રેક્ટર-ડમ્પર સહિત 60 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

ધારીના ડાંગાવદરમાંથી 3 ટ્રેક્ટર ઝડપી લીધા, હિમખીમડી પરા વિસ્તાર માંથી 1 ડમ્પર, કમી કેરાળા માંથી એક ટ્રેક્ટર કબ્જે કરવામાં આવ્યું છે. રેડ દરમ્યાન 2 ટ્રેક્ટર ભાગવાનો પ્રયાસ કરતા ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી લેવામાં સફળતા મળી છે. કુલ ટ્રેક્ટર ડમ્પર સહિત 5 જેટલા રોયલ્ટી પાસ વગરના વાહનો ગેરકાયદેસર રેતી ચોરી કરતા ઝડપી પાડવામાં સફળતા મળી છે તમામ મુદામાલ વાહનો સિઝ કરી મામલતદાર કચેરીમાં રાખવામાં આવ્યો છે કુલ રૂ.60 લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ધારી મામલતદાર અક્ષર વ્યાસએ જણાવ્યું ખાનગી સૂત્રો પાસેથી માહિતી મળતા ધારી તાલુકાના અલગ અલગ જગ્યાએ રેતીની ચોરી ચાલતી હોવાની બાતમીના આધારે ધારી મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર ક્લાર્ક તલાટી સહિત અલગ અલગ ટીમો દ્વારા 3 જગ્યાએ રેતી ચોરી પકડવા માટે રેડ કરવામાં આવી હતી. ડાંગાવદર માંથી 3 રેતી ભરેલા ટ્રેક્ટર કમી કેરાળા માંથી રેતી ભરેલું 1 ટ્રેક્ટર અને હિમખમડી માંથી રેતી ભરેલ ડમ્પર અટક કરવામાં આવ્યું છે આ તમામ મુદામાલ સિઝ કરી ખાણ ખનીજ વિભાગને જાણ કરી જરૂરી દંડ વસુલવામાં આવશે.

કમોસમી વરસાદે અમરેલીના ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા

વરસાદ વરસતા ખેતી પાકોમાં ભારે નુકસાન, સરકાર પાસે સહાયની માંગ

રાજકોટ : અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ સતત યથાવત્ છે. નવરાત્રી દરમિયાન જિલ્લાના અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ પડવાના કારણે વ્યાપક નુકસાન થયું હતું. ગઈ કાલે પણ અમરેલી સાવરકુંડલા ખાંભા ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોને દિવાળી તહેવાર સમયે મુશ્કેલી વધી રહી છે. સાવરકુંડલા તાલુકામાં ભારે વરસાદ થતાં ખેડૂતોને નુકસાન પહોંચ્યું છે. બગોયા ગામ નજીક વીજળી પડતા 1 ભેંસનું મોત પણ થયું હતું. ગઈકાલે અનેક ખેતરો જળબંબાકારની સ્થિતિમાં જોવા મળ્યા હતા.

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામ નજીક રહેતા ખેડૂત દિનેશભાઈ માલાણીએ 15 વિઘામાં સરગવાનું વાવેતર કર્યું હતું. જેમાં ગઈ કાલે એક કલાક સુધી વરસેલા વરસાદના કારણે ખેતીપાકમાં નુકસાન પહોંચ્યુ છે. સાંજના સમયે સતત ભારે વરસાદ પવનના કારણે આખો સરગવાનો પાક ઢળી જતા મોટા પાયે નુકસાન પહોંચ્યુ છે. રાજય સરકાર ખેડૂતોની સહાય કરે તેવી માંગ કરવામાં આવી છે.

આંબરડીના ખેડૂત દિનેશભાઇ માલાણીએ જણાવ્યું કે, મેં 15 વિઘામાં સરગવા વાવ્યા છે. નવરાત્રિ પછી સતત વરસાદ વરસ્યો હતો. તેમજ ગઈ કાલે તો ભારે પવન સાથે મીની વાવાજોડું આવ્યું હતું. જેમાં સરગવાના 200 થડીયા પડી ગયા છે. હવે શિયાળામાં દિવાળીમાં પાક આવવાવાની તૈયારી હતી. હવે મારે શું કરવું. વરસાદ હજુ રોકાતો નથી કપાસ પણ ફેલ થયો છે. શીંગના પાથરા પડયા છે, અત્યારે બોવ નુકસાન થયું છે. સરકાર ખેડૂતોની મદદ કરે તેવી બધાની માંગ છે.

4 દિવસ પહેલા અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશીક વેકરીયા દ્વારા અમરેલી જિલ્લામાં વિવિધ વિસ્તારમાં પડી રહેલા વરસાદના કારણે ખેડૂતોને સતત નુકસાન જવાના કારણે રાજય સરકાર ખેડૂતોને સહાય આપી મદદ કરે તે માટે મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆતો કરી માંગણી કરવામાં આવી છે.

રાજ્યનો મહેસૂલ વિભાગ મહેસૂલી સેવાનો લાભ મેળવનારા નાગરિકોનો પ્રતિભાવ જાણશે

સચિવાલમાં મહેસૂલ વિભાગના ફીડબેક સેન્ટરનું ઉદઘાટન કરતા રાજ્યના ચીફ સેક્રેટરી રાજકુમાર: પ્રતિભાવોના વિશ્લેષણ બાદ સેવાઓને વધુ સુધારવા સરકારનો ધ્યેય

ગાંધીનગર: ગાંધીનગરમાં સચિવાલય ખાતે મહેસૂલ વિભાગ દ્વારા વિભાગમાં એક ફીડબેક સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું રાજ્યના ચીફ સેક્રેટરી રાજકુમાર દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું હતું કે મહેસૂલ વિભાગ દ્વારા iORAના માધ્યમથી મહેસૂલી સેવાનો લાભ મેળવેલ નાગરિકો પાસેથી તેમનો પ્રતિભાવ મેળવવા માટે મહેસૂલ વિભાગ ખાતે આ ફીડબેક સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે. આ ફીડબેક સેન્ટર ખાતે નિયુક્ત મહેસૂલમિત્ર દ્વારા હાલ iORA પોર્ટલ પરથી અરજી કરવામાં આવેલ અને જે અરજીનો નિકાલ થયેલ હોય તેવી બિનખેતીની અરજી, હયાતીમાં હક્ક દાખલ અરજી, વારસાઈની અરજી, ખેડૂત ખરાઈ પ્રમાણપત્રની અરજી સહિતની કુલ ૩૬ સેવાઓ મેળવવા બાબતે નાગરિકોનો પ્રતિભાવ મેળવવામાં આવશે. મહેસૂલ વિભાગના આ iORA પોર્ટલ ઉપર અરજી કરતાં સમયે અરજદારોને પડેલ મુશ્કેલીઓનું નિરાકરણ થાય તે માટે સાચા અર્થમાં આ સેવાઓમાં સુધારો કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે iORA પોર્ટલ મારફતે મળેલ અરજીઓ અન્વયે નાગરિકોના નિયમિત પ્રતિભાવ મેળવ્યા બાદ પ્રતિભાવના વિશ્લેષણ થકી સેવાઓને વધુ અસરકારક બનાવવામાં આવશે. આવશ્યક જણાય ત્યાં સેવાઓનું સરળીકરણ કરી નાગરીકોને ત્વરિત સેવાઓનો લાભ મળી રહે તે દિશામાં આગળ વધવામાં આવશે. આ ફિડબેક સેન્ટર ખાતે મળેલ પ્રતિભાવો થકી સેવાઓમાં પારદર્શકતા લાવવામાં આવશે અને નાગરિકો સાથે સંવાદ કરી મહેસૂલી પ્રશ્નોની ઓળખ કરીને તેનો હકારાત્મક નિકાલ લાવવા માટેના સઘન પ્રયત્નો કરવામાં આવશે. મહેસૂલી સેવાઓ મેળવવા બાબતે પ્રાપ્ત થયેલ નિયમિત પ્રતિસાદથી છેવાડાના નાગરિકની વ્યથાને સમજીને તેના નિરાકરણરુપે એક પારદર્શક અને ઉત્તરદાયી સરકારના ઘડતર માટે આ સેવાઓ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

શું આરોપી ધારાસભ્ય છે, એટલે ફરિયાદ નોંધી નથી? દુષ્કર્મ કેસમાં હાઈકોર્ટ લાલઘુમ

અમદાવાદ: પૂર્વ મંત્રી સામે દુષ્કર્મના આરોપના મામલે ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, અમને એ ખ્યાલ નથી આવતો કે દુષ્કર્મ જેવા આરોપમાં શા માટે ફરિયાદ નોંધ્યા વગર પૂછપરછ કરવામાં આવી? શું આરોપી ધારાસભ્ય છે, એટલે ફરિયાદ નોંધવામાં નથી આવી? હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન સરકાર તરફથી એડિશનલ જનરલ દ્વારા વર્ષ 2021થી લઈને થયેલી પૂછપરછ અને કામગીરીને સંલગ્ન સમગ્ર માહિતી આપી હતી. જે કામગીરીને લઈને ગુજરાત હાઈકોર્ટે વેધક સવાલો કર્યા હતા. બીજી તરફ હાઈકોર્ટની નારાજગી બાદ એડવોકેટ જનરલે આ મામલે 21 ઓક્ટોબર પહેલા ફરિયાદ નોંધવાની તૈયારી દર્શાવી હતી. આ અંગેની વધુ સોનાવણી 21મી ઓક્ટોબરના રોજ હાથ ધરાશે.

ગુજરાતમાં 200 શેલ કંપનીઓ દ્વારા જીએસટી ચોરી કૌભાંડમાં હવે ઈડીની એન્ટ્રી, સુરત સહિત 23 સ્થળે દરોડા

જીએસટી ચોરીના કૌભાંડની તપાસમાં મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ થઈ

ગાંધીનગર: તાજેતરમાં સેન્ટ્રલ જીએસટી દ્વારા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ નોંધાવવામાં આવેલી 25 પાનાની ફરિયાદના પગલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુલ આઠ આરોપીઓની ધરપકડ કરીને તપાસ કરાઈ રહી છે, ત્યારે કરોડોની જીએસટી ચોરીના કેસમાં હવે ઈડી (એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ-2002 અન્વયે ફરિયાદ દાખલ કરીને આજે સમગ્ર ગુજરાતમાં 23 સ્થાનો પર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ઈડીના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, વેરાવળ, રાજકોટ, સુરત, કોડિનાર ખાતે દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ખાસ કરીને ધ્રુવી એન્ટરપ્રાઈઝ દ્વારા જીએસટી ચોરી કરાઈ હોવાના પુરાવા તપાસનીશ અધિકારીને હાથ લાગ્યા છે. ગુજરાતમાં 13 કંપનીઓ સામે બોગસ બિલીંગની તપાસ કરવામાં આવી રહી છે. પત્રકાર મહેશ લાંગા સહિત 8 જેટલા આરોપીઓની અત્યાર સુધીમાં ધરપકડ કરવામા આવી છે. ડીએ એન્ટરપ્રાઈઝ દ્વારા જે બોગસ બિલો તૈયાર કરાયા છે, તેની તપાસમાં મહેશ લાંગની ધરપકડ કરાઈ છે.

ધ્રુવી એન્ટરપ્રાઈઝ દ્વારા જે પાન કાર્ડ તથા ઈ-મેઈલ અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરાયો છે. તે 34 શેલ કંપનીઓમાં એક જ હોવાનું માલુમ પડયું છે. જેમાંથી 11 કંપનીઓ ગુજરાતમાં રજીસ્ટર્ડ થયેલી છે. વધુ વિસ્તૃત તપાસ કરતાં આ 34 કંપનીઓના પાનકાર્ડ, મોબાઈલ નંબર તથા ઈમેઈલ તપાસ કરતાં તે અન્ય વધુ 186 કંપનીઓ સાથે સંકળાયેલા હોવાના પુરાવા મળ્યા છે. તે પૈકી 50 કંપનીઓ ગુજરાતમાં રજીસ્ટર્ડ થયેલી છે. આ રીતે 200 શેલ કંપનીઓનું એક નેટવર્ક પડદા પાછળ મોટા પાયે જીએસટી ચોરી કરી રહયું છે. આવતીકાલે 4 આરોપીઓના દસ દિવસના રિમાન્ડ પૂરા થઈ રહયા હોઈ તેઓને સ્પે. કોર્ટ સમક્ષ રજૂ કરવામા આવનાર છે.

હિંમતનગરની સિવિલ હોસ્પિટલના સ્ટાફ ક્વાટર્સમાં બે નર્સના આપઘાતથી ચકચાર

ગાંધીનગર: હિંમતનગર સિવિલ હોસ્પિટલના સ્ટાફમાં ક્વાર્ટર્સમાં બે સ્ટાફ નર્સના મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. એક મહિલાએ દસમા માળેથી પડતુંમુકીને જીવન ટૂંકાવ્યું હતું,જ્યારે અન્ય એક નર્સનો મૃતદેહ ચોથા માળેથી મળી આવ્યો હતો. ઘટનાની પોલીસે તપાસ હાથ ધરતા આ બંને મૃતક મહિલાઓ સ્ટાફ નર્સ હોવાનું બહાર આવ્યું છે. પોલીસની પ્રાથમિક માહિતી મુજબ આ બંને સ્ટાફ નર્સ સિવિલના સ્ટાફ ક્વાર્ટર્સના બી-1 બ્લોકમાં રહેતી હતી. પોલીસે મૃતક છાયા કલાસવા અને બીજી મહિલા ડિમ્પલ પટેલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. જો કે આ બંને સ્ટાફ નર્સે કયા કારણોસર આત્મહત્યા કરી છે, તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી શરૂ કરી છે.

સુડોકુ - ૪૪૦૬

	૬	૪	૯	૩	૧			
	૭				૪	૩	૬	૯
૫				૭		૧	૪	
	૮			૬	૩	૭		૨
૧	૨		૮		૫		૩	૬
		૬	૭		૯	૮		
૯		૨	૩			૬	૭	
૬	૧	૫			૭	૪		૩
		૮				૨	૯	૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ઊલટી બંધ કરવા

હવે તો મકાઈ લગભગ આખું વરસ મળે છે. મકાઈના દાણા કાઢી લીધા પછી વળેલા ડૂંડા ને બાળી તેની રાખ ત્રણ ગ્રામ પાણી સાથે આપવી. ટન બંધી ડૂંડા નકામા જતા હશે કોઈ એના ક્ષાર ની ગોળી ન બનાવી શકે.

શબ્દગુંફન - ૬૭૯૬

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. શિક્ષણ, તાલીમ (૩)
૪. મહેરબાની, દયા (૨)
૭. બીકણ (૪)
૯. લખવાનું કામ કરનારો (૩)
૧૦. થોડા વાળની સેર (૨)
૧૧. પવન (૨)
૧૨. રાજા (૨)
૧૩. એક જાતનું ભૂત (૨)
૧૪. નમેલું (૨)
૧૫. પવિત્ર (૨)
૧૬. ગુસ્સો, રોષ (૨)
૧૮. ભીડ, મેદની (૩)
૨૦. હોડી (૨)
૨૧. હવા (૨)
૨૩. રગ, વલણ (૨)
૨૫. કુસ્તીબાજ (૨)
૨૬. સાવ સહેલી વાત (૫)
૨૯. આનંદ, લહેર (૨)
૩૦. પાછું (૩)
૩૨. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૩૪. સહેજ, થોડુંક (૩)
૩૫. મૂળ ગામ કે દેશ (૩)
૩૬. દબાવવું, પીડવું તે (૩)

ઊભી ચાવી

૧. હિતેચ્છુ, હિતૈપી (૫)
૨. અંતરની ઉમેદ, મનોભાવ (૨)
૩. કબૂતર, હોલો (૩)
૫. લટકતા સાલ્લાનો છેડો (૩)
૬. જોડનાર (૪)
૮. વિદાયગીરી (૪)
૧૨. રાત્રી (૨)
૧૪. સરિતા, તટિની (૨)
૧૫. શુધ્ધ, પવિત્ર (૩)
૧૭. પ્રશ્ન (૩)
૧૯. પ્રથા, રિવાજ (૩)
૨૨. આદત, મહાવરો (૨)
૨૪. નજર, યાદદાસ્ત, ધ્યાન (૩)
૨૫. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૨૬. પરવાનગી (૨)
૨૭. ઇતિહાસ (૪)
૨૮. તપસ્યા (૨)
૨૯. હેત, સ્નેહ (૩)
૩૧. કૃપા, દયા (૩)
૩૩. શ્રીરામનો પુત્ર (૨)

આજનું પંચાંગ

તા. 18/10/2024, શુક્રવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** આસો
તિથિ: સુદ : એકમ : 13:17
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો: 26
નક્ષત્ર : અશ્વિની: 13:27 **યોગ:** વ્રજ,
કરણ : તૈતિલ
રાશિ : મેષ (અ.લ.ઇ.)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:36 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:11
નવકારસી : 07:24
પારસી વર્ષ : 1394, ખોરદાદ માસનો 05મો રોજ
મુસલમાન વર્ષ : 1446, રબિઉલ આખર માસનો 14મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, , શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): કામકાજમાં નવી તક સાથે નવી યોજના બને. પ્રતિષ્ઠા વધે અને પ્રમોશન કે પગારવધારો થાય.
વૃષભ (બ.વ.ઉ.): યાત્રા-પ્રવાસમાં જૂના મિત્રો-સંબંધીઓની મુલાકાત થાય. મનગમતા સમાચાર મળે.
મિથુન (ક.છ.ઘ.): અણધારી સફળતા મળે. મિત્રો સાથે સામાજિક યોજના પાર પડે. વિદ્યાભ્યાસમાં મદદ મળે.
કર્ક (ડ.હ.): આવક વધે. અટકેલાં કામ પાર પડશે. નોકરીમાં અનુકૂળ સ્થાન ફેર થાય
સિંહ (મ.ટ.): જીવન સાથી સાથે તાલમેળ થી ધાર્મિક યાત્રા થાય. મનગમતા સામાજિક કામમાં યશ મળે.
કન્યા (પ.ઠ.ણ.): નોકરીમાં નવી જવાબદારી વધે. વિવાદથી બચવું. આરોગ્યનું ધ્યાન રાખવું પડશે.
તુલા (ર.ત.): નવી યોજનાથી રોજના કામમાં રાહત રહેશે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન.ય.): આર્થિક ભીંસનો અનુભવ થાય. હિત શત્રુઓ ઉપાધિ પેદા કરે ખર્ચા વધશે.
ધન (ભ.ધ.ફ.ઢ.): પ્રેમમાં વિવાહની વાતનો પ્રસ્તાવ આવી શકે છે. વિજાતિય મિત્રોની મદદ મળે.
મકર (ખ.જ.): બહારના કામનો બોજ ઓછો થાય. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી.
કુંભ (ગ.સ.શ.ષ.): મિત્રોની મદદથી આધુનિક ટેકનોલોજીની જાણકારીથી લાભ થાય.
મીન (દ.ચ.ઝ.થ.): ખાણી - પીણીના ધંધામાં આર્થિક લાભ થાય. પારિવારિક પ્રશ્નો હલ થાય.

કોઇ પણ સાલમાં

18 ઓક્ટોબર જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ નવા ફેરફાર અને નવી તકો પૂરી પાડનાર રહેશે. ચાલુ નોકરીમાં સ્થાન-ફેર કે પ્રમોશન થાય. નવા ધંધા, વ્યવસાયમાં આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. સંતાન અને વડીલોનો સાથ મળે તથા સંતાનોની પ્રગતિથી ઉત્સાહ વધશે.સમાજમાં યશ મળે અને ઉમરલાયકને યોગ્ય સાથી મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. વિદેશનાં કામ પાર પડે. સામાજિક પ્રવૃત્તિ અને મદદની ભાવનાથી નવી સામાજિક જવાબદારી મળે. આરોગ્ય સામાન્ય રહે. મિત્રો સાથે આવક વધારવાની યોજના વર્ષના મધ્યમમાં પાર પડે. વારસા-જાયદાદ, જમીનનાં કામ થાય. યાત્રા પ્રવાસ ધર્મકર્મ થાય. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં નવી નોકરીની યોજના પાર પડે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં અશાંતિ વધશે.

ભાજપ અને કોંગ્રેસના નેતાઓ દ્વારા આંદોલનની ચીમકી બાદ વન વિભાગની સ્પષ્ટતા

ખેડૂત-ખેતી અને ગામતળમાં થતી પ્રવૃત્તિઓ પર સૂચિત ગીર ઈકો સેન્સેટીવ ઝોનમાં કોઈ પ્રતિબંધ નહીં આવે

ખેતર કે વાડીના માલિક પોતાનાં ખેતર કે વાડીમાં ભૂગર્ભમાંથી પાણી કાઢવા કૂવા કે દાર કરી શકે છે

સૂચિત ઇકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી પ્રભાવિત ગામોની સંખ્યા ૩૮૯માંથી ઘટી અને ૧૯૬ થશે

ગાંધીનગર: ગીર રક્ષિત વિસ્તારના સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન મામલે એક તરફ ભાજપ તથા કોંગ્રેસની નેતાગીરી દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે ત્યારે હવે વન વિભાગ દ્વારા ખેડૂતો માટે કેટલીક સ્પષ્ટતાઓ કરાઈ છે. તે મુજબ ખેડૂત-ખેતી અને ગામતળમાં થતી પ્રવૃત્તિઓ પર સૂચિત ઈકો સેન્સેટીવ ઝોનમાં કોઈ પ્રતિબંધ નહીં આવે. ખેતર કે વાડીના માલિક પોતાના ખેતર કે વાડીમાં ભૂગર્ભમાંથી પાણી કાઢવા કૂવા કે દાર કરી શકે છે.

ગીર પૂર્વ નાયબ વનસરંક્ષક રાજદિપસિંહ ઝાલાએ કહ્યું હતું કે, સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થશે, જ્યારે હાલના નિયમો મુજબ ૩૮૯ ગામો રક્ષિત વિસ્તાર અને તેની આસપાસ સમાવિષ્ટ છે જ. આમ, ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી ગામની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે, વધારો થતો નથી. નેશનલ વાઈલ્ડ લાઈફ એક્શન પ્લાન (NWAP) (૨૦૦૨-૨૦૧૬) મુજબ ઈકોલોજિકલ કોરીડોર જે રક્ષિત વિસ્તારોને જોડે છે તે મહત્વપૂર્ણ છે અને જૈવ વિવિધતા વિભાજનને રોકવા માટે તેને સુરક્ષિત કરવું ખૂબ જરૂરી છે. ઈકો-સેન્સેટીવ ઝોનનો કુલ વિસ્તાર ૨૦૬૧.૭૭ ચો. કિ.મી. છે. ઈકો-સેન્સેટીવ ઝોનમાં ૩ જિલ્લાના ૧૧ તાલુકાના કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થાય છે. .૧૮/૦૯/૨૦૨૪ના રોજ કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં ૬૦ દિવસ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વાંધા અને સૂચનો સ્વીકારવામાં આવે છે જેના અંતે આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે.

જાહેરનામામાં ૩ જિલ્લાના ૧૧ તાલુકાના કુલ ૧૯૬ ગામોનો સમાવેશ જેનો કુલ વિસ્તાર ૨૦૬૧.૭૭ ચો. કિ.મી. છે. જેમાં અમરેલી જિલ્લાના આંશિક વિસ્તારવાળા ધારી તાલુકાના ૦૨ ગામ અને સંપૂર્ણ વિસ્તાર વાળા ૨૭ ગામ, ખાંભા તાલુકાના ૩૬ અને સાવરકુંડલા તાલુકાના ૦૭ ગામનો સમાવેશ થાય છે. આ ઈકો સેન્સેટીવ ઝોનમાં હયાત ગામ-તળના વિસ્તાર ઉપરાંત બીજો તેટલો જ વિસ્તાર ઈકો-સેન્સેટીવ ઝોનમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. ગામતળમાં કરવાની થતી સરકારી અથવા વ્યક્તિગત પ્રવૃત્તિઓ માટે ઈકો સેન્સીટીવ ઝોનને લગત કોઈપણ પરવાનગી લેવાની રહેશે નહીં જેમાં દવાખાના, આંગણવાડી, શાળા, પંચાયત કચેરી, નંદ ઘર, ગામના રસ્તાઓ વગેરે તમામ ગામના વિકાસની પ્રવૃત્તિઓમાં, પોતાના રહેણાંક, પાણીના કનેક્શન, વીજ જોડાણ, કૂવા બાંધકામ વગેરે માટે વન વિભાગની પરવાનગીની

ઇકો સેન્સેટીવ ઝોનમા અંગે કેટલાંક તથ્યો

ઇકો-સેન્સેટીવ ઝોનમાં રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રો-ઠરાવો અને જોગવાઇઓ મુજબ કોઇ વ્યક્તિ કે સમુદાય કે સમાજ, ઘર, દુકાન, કરી શકે છે. આ વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવતા મોટા ઉદ્યોગો ઉપર નિયંત્રણ છે. ખેતર કે વાડીના માલિક પોતાના ખેતર કે વાડીમાં ભૂગર્ભમાંથી પાણી કાઢવા કૂવા કે દાર શકે છે. વીજ કનેક્શન લેવા જેવી ખેતી વિષયક બાબતે કોઇ મનાઇ નથી. ઇકો-સેન્સેટીવ ઝોનના કારણે હોટલ, ગેસ્ટ હાઉસ, ફાર્મ હાઉસ, લોજ વગેરે કરવા ઉપર મનાઇ નથી. આ બાબતે રાજ્ય સરકાર ના નીતિ નિયમ મુજબ ઉક્ત તમામ હેતુઓ માટે રાજ્ય સરકારની લગત કચેરી દ્વારા પરવાનગી આપવામાં આવે છે. ઇકો-સેન્સેટીવ ઝોનમાં માલિકીના ઝાડનું છેદન રાજ્ય સરકારના પ્રવર્તમાન નીતિ નિયમ મુજબ થઈ શકે. ઇકો-સેન્સેટીવ ઝોનમાં આવતી નદીઓમાંથી રેતી કાઢવા ઉપર રાજ્ય સરકારના ધારા ધોરણ મુજબ સ્થાનિક રીતે બોનાફાઇડ ઉપયોગ માટે કોઇ પ્રતિબંધ નથી. તેના વાણિજ્ય વેચાણ પર પ્રતિબંધ છે.